કેન્દ્ર સરકારનું મનમોહન બ્રાન્ડ વિસ્તરણ

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના મંત્રીમંડળનો ગંજીફો ચીપી આગામી દિવસોમાં ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને ગુજરાતની ચૂંટણીઓમાં મદદરુપ થઈ શકે એવાં મંત્રીઓનો ઉમેરો કર્યો છે અને બિનકાર્યક્ષમ મંત્રીઓનાં કાં તો ખાતાં બદલી નાખ્યાં છે કાં તો એમને પાણીચું પકડાવી દીધું છે. આષાઢના પ્રથમ દિવસે જ મોદીએ એમનાં મંત્રીમંડળનું આ બીજું વિસ્તરણ કરીને એમની બે વરસની કામગીરીનું રિપોર્ટકાર્ડ પણ આડકતરી રીતે જાહેર કરી દીધું છે. દાખલા તરીકે મોદીના માનીતા ગણાતાં સ્મૃતિ ઈરાની પાસેથી માનવ સંસાધન વિભાગ છીનવી લઈ એમણે પોતે ગુણવત્તા અને કાર્યક્ષમતાના આધારે જ મંત્રીઓની કદર કરતા હોવાની કડક છાપ પણ ઊપસાવી છે. ગુજરાતના જ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી પાસેથી ગૃહખાતાનો હવાલો લઈ લેવાયો છે તે પણ આ જ બાબતની પૃષ્ઠિ કરે છે. સૌરાષ્ટ્રના પાટીદાર સાંસદ મોહન કુંડારિયા કડવા પટેલ હતા પણ એમની કામગીરી એવી દમદાર નહોતી કે નહોતા એ પાટીદાર આંદોલન વખતે ખાસ ઉપયોગી બની શક્યા. મોહન કુંડારિયાને કાઢીને રાજયસભાના બે પાટીદાર સાંસદોને મંત્રીપદું આપી મોદીએ સૌરાષ્ટ્રના પાટીદાર રાજકારણને વધુ સંતુલિત કર્યું છે. પુરુષોત્તમ રૂપાલા સિનિયર નેતા છે, ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ છે અને શરૂથી જ કેશુભાઈ પટેલની વિરુદ્ધ રહેલા હોઈ મોદીને વિશેષ અનુકૂળ છે. અમિત શાહ સાથે પણ એમણે સારા સંબંધો રહ્યા છે. ગુજરાતમાં મુખ્યમંત્રીપદના દાવેદાર ગણાતા કાર્યદક્ષ પાટીદાર નેતાને કેન્દ્રીય મંત્રી બનાવીને મોદીએ કદર કરી છે. અલબત્ત, એમણે પણ કૅબિનેટ મંત્રી નથી બનાવ્યા. રાજય કક્ષાના કૃષિમંત્રી તરીકે પુરુષોત્તમ રૂપાલા ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો હલ કરવામાં અને સવિશેષ પાટીદાર આંદોલનના સૌથી બોલકા નેતાઓને વશ કરવામાં મદદરૂપ નીવડશે. રૂપાલા પોતે અમરેલી પંથકના કડવા પાટીદાર છે. એમની સાથે અત્યંત મેધાવી અને કર્મઠ લેઉવા પાટીદાર નેતા મનસુખ માંડવિયાને પણ રાજયકક્ષાના મંત્રી બનાવાયા છે, જે સૌરાષ્ટ્રના લેઉવા પાટીદાર સમાજ માટે મોદીએ આપેલી મહામૂલી ભેટ ગણાશે. મનસુખ વસાવા ભરૂચનું પ્રતિનિધિ કરતા આદિવાસી આગેવાન છે. એમને હટાવીને દાહોદના સાંસદ જશવંત ભાભોરને મૂકવામાં પણ મોદીની દીર્ઘદૃષ્ટિ કામ કરી ગઈ છે. મનસુખ વસાવા સિનિયર આદિવાસી નેતા તરીકે આંખો કાઢવા માંડ્યા હતા અને સરકારની ટીકા પણ કરતા હતા. મોદી આવા ચમરબંધીઓને પણ એમનું સ્થાન બતાવી દેતાં અચકાતા નથી, તે મનસુખ વસાવાની બાદબાકીથી સાબિત થાય છે. અદાણીનો રૂ. ૨૦૦ કરોડ જેટલો પર્યાવરણ સંબંધી દંડ માફ કરી દેનારા હસમુખા રાજયકક્ષાના મંત્રી જાવડેકરને પ્રમોશન આપી કૅબિનેટ કક્ષાનું માનવ સંસાધન જેવું મહત્ત્વપૂર્ણ મંત્રાલય સોંપાયું છે તે મોદીની ઉદ્યોગ લોબી તરફની વફાદારી ઉપરાંત કથળેલા માનવ સંસાધન મંત્રાલયને પાટા પર આણવાની કવાયત છે. ઉત્તરપ્રદેશમાં જ્ઞાતિ સમીકરણો માંડી, દલિત, કુર્મી, બ્રાહ્મણ સહિતના સમુદાયોને ધ્યાનમાં રખાયા છે અને સૌથી વધુ મંત્રીપદોની નાવેજશ થઈ છે. મહારાષ્ટ્રમાં રામદાસ આઠવલેના સમાવેશથી અને ઉત્તરપ્રદેશમાં અનુપ્રિયા પટેલના સમાવેશથી નાના ઘટક પક્ષોને સંતોષવાનો ઉપક્રમ સિદ્ધ થયો છે. પરંતુ મોદીએ ઉદંડ વ્યવહાર કરતી શિવસેનાને અંગૂઠો બતાવી પોતાની દૃઢતા દર્શાવી છે એમ બેફામ નિવેદનો માટે બદનામ થયેલા ગિરિરાજસિંહ અને સાધ્વીને સ્પર્શ કરવાની હિંમત નથી દાખવી, તે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના હિંદુત્વના એજન્ડાનું સમર્થન છે. ઓબીસી-દલિત-આદિવાસી મંત્રીઓ સામેલ કરીને પોતે ગરીબોના હામી હોવાનું પ્રતિપાદન કરવાનો પ્રયાસ જરુર કર્યો છે. એમ તો એમ.જે. અકબર જેવૈ બૌદ્ધિકોનો પણ સમાવેશ કર્યો જ છે. વળી એમને વિદેશ રાજયમંત્રીપદ સોંપી બહારની દુનિયામાં પોતે બિનસાંપ્રદાયિક નેતા હોવાની છબી પણ ઉપસાવી છે. જમ્બો મંત્રીમંડળ બનાવીને મનમોહનસિંહની હરોળમાં!

મેઘ બધી સદીઓના જાણે ઉતરી આવ્યા હેઠા

આખરે પાટનગર ગાંધીનગરમાં મેઘરાજાએ પધરામણી કરી ખરી. આમ જુઓ તો પાંચમી જુલાઈથી અષાઢ બેસતો હતો. એટલે આપણા જૂના ઋતુકાળ મુજબ તો ચોમાસું પાંચમી જુલાઈથી શરુ થાય પરંતુ હવે આપણે અને ઋતુઓ પણ ૧ પમી જુનની વરસાદ માંગવા માટે ટેવાઈ ગયા છીએ અને લાંબા કાળથી એ સમયક્રમમાં વરસાદ વરસતો રહ્યો હતો. ખેતીવાડી પણ એ રીતે ચાલતી હતી. એટલે જુન આખો કોઈને ભીંજવ્યા વગર વહયો ગયો એટલે બધાના જીવ ડાળે ટીંગાવા માંડ્યા. પણ રવિવારે મહેલીયાએ મનની ગાંઠો છોડી નાખી.

થોડીવારમાં હળવા વેગે વરસાદ વરસવો શરૂ થયો. ચોક પલળી ગયો, રસ્તા પલળી ગયા.પછી હું પેલા બાળકો સાથે રસ્તા પર આવી ગયો. વરસાદમાં ઝાઝો વેગ ન હતો પણ અવિરત વરસતો હોવાથી અમે આનંદથી નહાઈ શક્યા. ના કડાકા - ભડાકા થયા, ના વીજળીના ચમકારા થયા, ના પવનના સૂસવાટાએ અમને ધ્રૂજવ્યા. કેવળ અત્યાર સુધી ભીંની જગ્યા શોધતા અમારા ગલુડિયા આમથી તેમ હવે કોરી જગ્યા શોધવા માટે દોડવા માંડ્યા. લગભગ પોણો કલાક સુધી આ ધીમી ધારનો આસવ અમે બસ પીધા કર્યો, બસ પીધા કર્યો.

બીજા દિવસની સવારે મેં જોયું કે સેકટર-૧ના તળાવ સુધી પાણી પહોંચ્યા હતા ખરા અને તળીયું ઢાંકવા જેટલા ભેળા પણ થયા હતા. આ તળાવ થોડું ભરાય તો સારું લાગે એવું મનમાં થયું. મારા મનની વાત મેઘરાજો સાંભળી હોય તેમ સોમવારે તો બપોરના જ વરસાદ શરૂ થઈ ગયો. ગઈકાલની ધીમી ધારે નહીં પણ ધીંગી ધારે વરસ્યો એટલે બસ મન મૂકીને વરસ્યો. પાછલા દિવસનો હિસાબ સાથોસાથ ચુકવવાનો હોય એમ અવિરત વરસ્યો. ખાસ્સુ દોઢ-બે કલાક વરસ્યા પછી થોડોક વિરામ લેવા પૂરતું અટક્યો. ફરી બીજો પોણો-કલાક જેવું વરસી પડ્યો એમ કહેવા કરતાં હરખી પડ્યો એમ વધારે મને વધારે યોગ્ય લાગે છે. અમારી સામેની ખુલ્લી જગ્યામાં નાનકડી નદી વહેતી હોય એમ પાણી વહેવા લાગ્યું. ઝાડપાન, ધાબાં અને ખુલ્લામાં પડેલી ગાડીઓ બધાં સરસ ધોવાઈને ચોખ્ખાં થઈ ગયા.

બીજા દિવસે સવારે એટલે કે મંગળવારે સવારે (પાંચમી જુલાઈ - આષાઢનો પહેલો દિવસ) જોયું તો તળાવના બધા કિનારે પાણી અડકી ગયેલા. અત્યારે તળઆવ ભર્યુંભર્યું તો નથી લાગતું પણ નિહાળવા લાયક હર્યુંભર્યું ચોક્કસ લાગે છે.

તા. ૨૬મી જુલાઈના રવિવારની સાંજે ત્રિદળ સંસ્થામાં પહેલા વરસાદના કાવ્યોનો કાર્યક્રમ હતો. છવ્વીસમી જૂન સુધીમાં તો વરસાદ થઈ જવો જોઈએ એમ માની આ કાર્યક્રમ યોજાયેલો. તેમાં કવિઓ આનંદથી વરસ્યા, ભાનુભાઈએ કેટલીક ભીંની ભીંની વાતો કરી પણ ધરતીને તો અમીછાંટણાં ના મળ્યા તે ના જ મળ્યા. પરંતુ એ વખતે મેં ઉજમશી પરમારા કાવ્ય સંગ્રહ 'ઘટમાં ઝાલર બાજે' માં મેં બે અત્યંત સુંદર વર્ષાકાવ્ય વાંચ્યા હતા. આ કાવ્યસંગ્રહના છેલ્લું કાવ્ય 'એક' મેં અત્યાર સુધી વાંચેલા વર્ષાગીતોમાંનું એક અદ્‌ભૂત ગીત છે. 'અષાઢી મેઘ' અને રમેશ પારેખનું 'વરસાદ ભીંજવે' કાવ્યો વાંચી જેટલો આનંદ થયેલો એના કરતાં પણ અદકેરો આનંદ આ ગીત વાંચીને થયો છે. ખુદ રમેશ પારેખે 'પરબ' માં આ કૃતિ વાંચી 'આનંદ આનંદ!' વ્યક્ત કરેલો પત્ર ઉજમશીભાઈને લખેલો.

'એક વેલ્ય ચડી ગૈ વાદળમાં
ખેરવતી જળની કળીઓ રે
લ્યો, કળી ખીલી પરપોટા થ્યા!'

વાહ! અપૂર્વ કલ્પન - અપૂર્વ ચિત્ર કલ્પન! પછી આગળની પંક્તિઓની જાણે આવશ્યકતા જ નહીં! સાદગી અને અપૂર્વ કાવ્યત્મકતા!

ઉજમશી પરમારે એક બીજા કાવ્યમાં કેવી અદ્‌ભૂત કલ્પના કરી છે, તે વાંચો - મેઘ બધી સદીઓના જાણે ઉતરી આવ્યા હેઠા,
વરસે દહાડે પીઠ ધરીને પર્વત ન્હાવા બેઠા.

આમ તો આજે મને આડીતેડી વાતો કરવાને બદલે એક સાથે આવાં-અનોખાં પાંચ-સાત વર્ષાકાવ્યો જ આપના ખોબામાં ધરી દેવાનું ઘણું મન હતું. હશે પ્રભુની મરજી હશે તો એ પણ કોક દિવસ પૂરી થશે. આજે 'એક' કાવ્યની મજા માણો.

એક

એક વેલ્ય ચડી ગૈ વાદળમાં,
ખેરવતી જળની કળીઓ રે
લ્યો, કળી ખીલી પરપોટા થ્યા!
એક આળસ મોડે ભળકડું,
કૈં ગુણલા નોબત ગાય રે,
દૃશ્ય-દૃશ્ય દોડીને વધાવતી.
એક ઝાડ ઊગ્યું રે ઝરુખડે,
નભ જઈ પૂગવું કે ભોંય રે,
અટવાયું નોખી અવઢવમાં.
એક ઢોલ ઢમાઢમ હીંચભર્યો,
છાતી મહીં પડતી થાપ રે,
તૂટશે દાંડી કે પગ-પાની?
એક મંજીક રંગ્યું મરકલડું,
નત્ય કેફ ઘૂંટતા નેમ રે,
કૈં અમલ ચડ્યો આખા જીવનો.

- ઉજમશી પરમાર

અષ્ટાંગ યોગનું ત્રીજું સોપાન એટલે આસન

આપણે છેલ્લા ત્રણ આર્ટિકલથી યોગના સૌથી પ્રશસ્ત માર્ગ એવ અષ્ટાંગ યોગ વિષે પરિચય મેળવી રહ્યા છીએ. ગતાંકે આપણે અષ્ટાંગ યોગ માટે જરૂરી લાયકાતો અંગે ચર્ચા કરી જે અંતર્ગત આપણે અષ્ટાંગ યોગના પ્રથમ બે સોપાનો યમ અને નિયમનો પરિચય મેળવ્યો. આજના આર્ટિકલમાં અષ્ટાંગ યોગના બાકીના સોપાનો એટલે આસન થી સમાધિ સુધીનો પરિચય મેળવી આ શ્રેણી સમાપ્ત કરીશું.

આસનઃ અષ્ટાંગ યોગનું ત્રીજું સોપાન એટલે આસન. આસન વિષે આમ તો બહું કહેવાની જરૂર નથી કારણકે લગભગ દરેક વ્યક્તિને આસન વિષેનો પરિચય હશે જ. મહર્ષિ પતંજલિ અનુસાર આસન એટલે ''સ્થિર સુખમ્ આસનમ્'' જે પરિસ્થિતિમાં સુખપૂર્વક સ્થિરતાથી રહી શકાય એ આસન કહેવાય. આપણા મનમાં એવું હોય છે કે શરીરને જેમ-તેમ કષ્ટપૂર્વક વાળવાની ઘટનારૂપી તપ કરવાથી જ આસન સિદ્ધિ થાય. આમ કરવાથી આસન તો આસનની જગ્યાએ રહે, કદાચ ઓર્થોપેડીક ડોક્ટરની મુલાકાત ચોક્કસ લેવી પડે. આસનના અનેક ફાયદાઓ છે. તેને સાચી રીતે કરવા જોઈએ. શરીર સહન કરી શકે તેટલું જ વાળવું અને સ્ટ્રેચ કરવું જોઈએ. શરીરરૂપી માધ્યમ વડે જ સમાધિ અવસ્થા સુધી પહોંચી શકાય છે. આસનો શરીરને સ્વસ્થ રાખવા માટેની ઉત્તમ ચાવી છે.

પ્રાણાયામઃ અષ્ટાંગ યોગનું વધુ એક પ્રચલીત સોપાન એટલે પ્રાણાયામ. શ્વાસોચ્છવાસની ગતિ પરનું નિયંત્રણ એટલે પ્રાણાયામ. પ્રાણાયામના ત્રણ ભેદ છે. પૂરક- એટલે કે શ્વાસને અંદર લેવો. રેચક- એટલે કે શ્વાસને બહાર કાઢવો. કુંભક એટલે કે શ્વાસને રોકીરાખવો. કુંભકના બે ભેદ છે. અંતર્કુંભક કે જેમા શ્વાસને અંદર લીધા બાદ રોકી રાખવાનો હોય છે, અને બહિર્કુંભક કે જેમા શ્વાસને બહાર કાઢ્યા બાદ રોકી રાખવાનો હોય છે. શરીરના પ્રાણતત્વ પરનો કંટ્રોલ યોગાભ્યાસ માટેનું ખૂબ અગત્યનું અંગ છે. આસન અને પ્રાણાયામ શરીર સ્વાસ્થ્ય વધારવા માટેના ઉત્તમ અને બિનહાનિકારક ઉપાયો છે.

પ્રત્યાહારઃ પ્રત્યાહાર એટલે મન અને મનોવૃત્તિઓને પોતાના તરફ વાળવી. શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ જેવી ઈન્દ્રીય શક્તિઓ વડે આપણે સતત ઘેરાયેલા રહીએ છીએ. આ ઈન્દ્રીયો આપણને બહિર્ગામી બનાવે છે, જ્યારે આપણું મૂળ આપણી અંદર છે. 'સ્વ' ને ઓળખવા માટે અંતર્ગામી થવું અનિવાર્ય છે, જે પ્રત્યાહાર વડે શક્ય બને છે. પ્રત્યાહાર વડે મનમાં આવતા અઢળક વિચારો પર કાબૂ મેળવી શકાય છે. ઈન્દ્રીયોને સ્વ તરફ કેન્દ્રીત કરી શકાય છે,ધારણાઃ પ્રત્યાહારનું જ આગળનું અનુસંધાન એટલે ધારણા. મનને કોઈ એક જ જગ્યાએ સ્થાપીત કરવાની સ્થિતિ. કોઈ એક જ પીન પોઈંટેડ વિચાર, એક જ લક્ષ્ય. મનના દરેક વ્યાપાર એક જ ઘટના પર કેન્દ્રીત થાય એ ધારણા.

ધ્યાનઃ ધારણાનું અનુસંધાન એટલે ધ્યાન. ધ્યાનની શરૂઆતની અવસ્થા એટલે જે એકમાત્ર વિષયવસ્તુ પર ધારણા કરી હોય તેના પરની એકાગ્રતા સાધવી. ધ્યાનના આગળના તબક્કાઓમાં કોઈ વિષયવસ્તુની જરૂરિયાત જ રહેતી નથી. મન સંપૂર્ણપણે અંતર્ગામી થવા તરફ હોય છે. ધ્યાન એ એકાગ્રતાની ઉચ્ચ અવસ્થા છે.

સમાધિઃ સમાધિ એટલે અંતિમ પડાવ. સાધકે જે અપેક્ષા સાથે અષ્ટાંગ યોગની સાધના આરંભી હોય છે તેનું ફળસ્વરૂપ એટલે સમાધિ. સમાધિ એટલે પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર. સાધકના આત્માનું પરમાત્મા સાથેનું મિલન. સમાધિ એટલે મોક્ષ. સમાધિ અવસ્થાને વર્ણવવી શક્ય નથી. આ એ પરમાનંદની અવસ્થા છે જે અનુભવે જ જાણી શકાય. સાધકની અષ્ટાંગ યોગની સફર ખરી રીતે સમાધિ પર પૂર્ણ થાય છે. વ્યાવહારિક રીતે આપણું ધ્યેય કદાચ સમાધિ ન હોય, પણ અષ્ટાંગ યોગના આચરણ વડે આપણે એક સ્વસ્થ, સાત્વિક અને જવાબદાર વ્યક્તિ અને નાગરિક તો બની જ શકીએ.

- contact@atharvaayu.com

કો'ક દિન આ જાતને વાંચી ઉકેલી તો જોઈએ, હું પણાના ભારને નીચે ફગાવી જોઈએ

કો'ક દિન આ જાતને વાંચી ઉકેલી તો જોઈએ.

હું પણાના ભારને નીચે ફગાવી જોઈએ.

રોજ સવારે દેવદર્શને જનાર... તાજાં ખીલેલાં, અનાઘ્રાત પુષ્પો પ્રભુ ચરણે ધરી કૃતાર્થ થયેલા ભાવિક ભક્તને પુષ્પનો જીવનબોધ જીવનભર સમજાય છે ખરો!!

પુષ્પ પ્રભુને પ્રિય છે કારણકે પોતાની સુગંધ રેલાવી વાતાવરણને સભર બનાવે છે અને પોતાના સૌંદર્યથી સૃષ્ટિની શોભા વધારે છે. માનવપુષ્પ પાસે પણ વિશ્વંભર એવી જ અપેક્ષા રાખતા હશે!

અલ્પકાલીન આયખું જીવી જનારાં ફૂલડાં વાતાવરણને મહેંકાવી શકે તો આપણા દીર્ઘકાલીન જીવનકાળમાં વિશ્વંભરના આ વિશ્વબાગને સુરભિત - પુલકિત કેમ ન કરી શકીએ

બગીચાના ખીલેલાં પુષ્પો તોડી પ્રભુચરણે ધરવાં એ તો પૂજાની શરૂઆત થઈ ગણાય પરંતુ પૂજા પૂર્ણ ત્યારે થાય જ્યારે પુષ્પ ધરનાર ભાવિકજન પોતે જ વિશ્વોદ્ધાનમાં પુષ્પ બની મહેંકી ઉઠે!!

જીવનપથના પ્રત્યેક વળાંકે જ્યાં માનવ શ્રેષ્ઠત્વની બેઠક લે ત્યારે સમાજ પુષ્પો લઈ સન્માનવા અધીરો બને છે. ફૂલછડી કે ફૂલહાર ગર્મિતપણે ઘણું ઘણું કહી જાય છે પ...ણ એ સમજાય કે સંભળાય છે ખરું!!

કલાત્મક ફૂલદાની આપણને થૂંકદાની કે પાનદાની નહી પણ ખાનદાનીની ખુશબોથી સભર બનવાનું સૂચવે છે. આમેય ફૂલના મુખ્યત્વે ચાર ગુણો રંગ, ગંધ, માર્દવને મકરંદની જેમ માનવનું જીવન પણ રંગીન, સુગંધી, મૃદુ ને મકરંદયુક્ત બને એવો અનોખો સંદેશ આપણને આપી જાય છે...

દોસ્તો, આજકાલ સૌને સારા દેખાવું છે પરંતુ સારા થવાનું સૂઝે છે ખરું બીજા પર પ્રભાવ પાડવા મથીએ છીએ ખરા પ...ણ... સ્વભાવ બદલવા કદી વિચારીએ છીએ ખરા!!

કંટકોની વચ્ચે હસતું - ખીલતું - મહેંકતું ગુલાબ જોઈ દોડી જનારા આપણે બધાએ એ શીખવાનું છે કે જ્યાં હોઈએ ત્યાં સૌરભપૂર્ણ બની જીવીએ!!

વ્યક્તિમાં સુંદરતાની ખોટ હશે તો સારા સ્વભાવથી પૂરી શકાશે પણ સારાં સ્વભાવની ખોટ સુંદરતાથી ન પૂરી શકાય. મીઠાઈ વગરનું જમણ અધૂરું લાગે એમ મીઠાશ વગરનું જીવન પણ સાવ ફિક્કું ને નકામું જ ગણાય...

મિત્રો, જે પોતાના માટે જીવી જાણે તે પશુ જ ગણાય... સાચો મનુષ્ય તો એ છે જે પોતે જીવે ને બીજાને જીવાડે... અરે, કોઈને સ્મિત આપી જીવાડો, કોઈને હૂંફ આપો, દાઝેલાને ટાઢક આપો. મૂંઝાયેલાને માર્ગ બતાવો... ડૂબતાને હાથ આપો કદાચ જીવી જાય... કોઈકનું નાનું અમથું આશ્વાસન મુસીબતો સહજતાથી પાર કરાવી જાય... દોસ્તો, કોઈને પ્રેરણા - પ્રોત્સાહન આપવાનો કે આંસુ લૂંછવાનો અવસર સાંપડે તો એને પ્રભુનો પાડ માનજો... નાનાં નાનાં સત્કર્મો જ જીવનમાં સુગંધ ભરે છે. કવિશ્રી મકરંદ દવેનું ગીતકાવ્ય આપણને ઢંઢોળે છે...

''ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી.
વાયરો ક્યાં જઈ ગંધ વખાણે.
ફૂલ તો એનું કઈ ન જાણે...
ફૂલતો એની ફોરમ ઢાળી રાજી.

અબોલ રહી ઉપકાર કરી જાણે એની જ સુવાસ સઘળે ફેલાય... ઢંઢેરો પીટનારાને કોઈ ન પૂછે.... પેલી કહેવત છે ''નેકી કર ઔર કૂવે મેં ડાલ''.

મિત્રો, આપણા થકી કોઈનું જીવન પ્રકાશિત થયું હોય, આપણા સાથ-સહકારથી કોઈ ઊંચું આવ્યું હોય તો એ મનોમન માણવાની વાત છે. એનાથી અનેરી પ્રસન્નતા સાંપડે જે સ્વ-વિકાસમાં સહાયક બને છે... પડ્યા પડ્યા તો કટાઈ જવાય. ઘસાઈને ઉજળા થવાય.... વપરાઈ જવામાં નહિ વવાઈ જવામાં સાર્થક્ય છે. આવા જીવન શિક્ષણ માટે જ ''જીવન અંજલિ થાજો!'' એ પ્રશ્નના બાળપણમાં ગોખાવામાં આવતી પછી તો મોટા થતા ગયા ને નવું નવું શીખતા રહ્યા ને શીખેલું ભૂલતા ગયા!! તેથી જ તો આજના માણસના રુદનમાં વાસ્તવિકતા છે પરંતુ એના હસવામાં અભિનય છે. પ્રસન્નતા પ્રભુને ગમે છે. ''આનંદો વૈ બ્રહ્મ'' સંતો કહે છે, ''સદા પ્રસન્ન રહેવું એ ઈશ્વરની ભક્તિ છે'' પરંતુ આપણે તો ખોટેખોટું હસતા થયા છીએ. પછી પ્રભુ નારાજ ન થાય તો શું પરાણે હસવું પડે હસવાનો ડોળ કરીએ એ તો જીવનનું અપમાન ગણાય... આપણને સાચુકલું જીવતા પણ આવડતું નથી. આપણી કથની અને કરણીમાં બહુ મોટો ફરક છે. ઈશ્વરે તો એકમુખી બનાવી મોકલ્યો પરંતુ આપણે દ્વિમુખી જીવનપદ્ધતિ અપનાવી બેઠા છીએ... હાથે કરીને આપણે જગતને નહિ જાતને છેતરીએ છીએ... આવા દંભ આદરીને ખુદની પોતીકી જીવન સૌરભને ખતમ કરી બેઠા છીએ.

દોસ્તો, પારદર્શક જીવન જીવીએ તો જ એ જીવનને કિંમત છે!! લોકબોલીમાં કહેવાય છે, કંજૂસનું ધન કાંકરા બરાબર... ઉદારચરિત મનુષ્યો જ ''ચિરંજીવ'' વિશેષણ ભોગવી શકે... ટૂંકમાં હજાર કામ નહિ કરો તો ચાલશે પણ એક કામ એવું કરજો જેના માટે દુનિયાએ તમને યાદ કરવા પડે જે આવડે છે તેને શ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરો...

સ્પર્શમણિ

હંમેશા હસતા રહો
એક દિવસ જિંદગી પણ તમને
હેરાન કરતાં કરતાં થાકી જશે.

કોઈને પછાડવામાં હોંશિયારી
નથી
હોંશિયારી તો પડી ગયેલાને
બેઠા કરવામાં છે.

- rasikvaland1965@gmail.com

યુવાન પાસે જો કૌશલ્ય, સારુ સ્વાસ્થ્ય, નિર્ણય લેવાની શક્તિ હશે તો તેઓ સંશોધનકારો,સર્જકો, ઘડવૈયાઓ અને ભવિષ્યના નેતાઓ બની શકે છે

હમણાં કિવન એલિઝાબેથએ તેમના ૯૦મા જન્મદિવસની ઉજવણી પ્રસંગે રમતગમત, વિજ્ઞાન,રાજકારણ, સમાજસેવા, આરોગ્ય, ચેરીટી, વ્યવસાય, સહિતના વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ કામગીરી દર્શાનાર વિશ્વના ૧૧૪૯ જેટલા મહાનુભાવોનું સન્માન કર્યુ હતું. જેમાં ભારતીય મૂળના નીચે મુજબના અગ્રણીઓનો પણ સમાવેશ થયો હતો.

જેમાં આરોગ્ય ક્ષેત્રે નોર્ધન આપર્લેન્ડ સ્થિત સુશ્રી ઉષા ચક્રવર્થી, ફાઈનાન્સ ક્ષેત્રે લંડન સ્થિત શ્રી ભરત મગનલાલ મહેતા, શીખ કોમ્યુનીટી સેવાઓ ક્ષેત્રે શ્રી સેવા સિંઘ મંડલા, ફિઝીયોથેરાપી ક્ષેત્રે શ્રી ભાનુ રામાસ્વામી, મ્યુઝીશિયન શ્રી ધનોન્ધ્ય શ્રીવાસ્તવ, ઓર્કેસ્ટ્રા ક્ષેત્રે શ્રી બાલુજી શ્રીવાસ્તવ, આર્ટ ક્ષેત્રે ડો.ગીથા ઉપાધ્યાય, સહિતનાઓનો સમાવેશ થયો હતો. આપણે ત્યાં રાજાશાહી નથી પણ રાજા જેવું જીવન જીવતાં લોકોએ આ પ્રયોગ કરવા જેવો છે.

યુવાનો એ આપણી કરોડરજ્જુ છે પણ તેના માટે રોજગારી કેવી ઊભી કરવી તે માટે આપણે માથું ખંજવાળીએ છીએ. ખુશ થવા જેવી બાબત એ છે કે આર્થિક સુધારાઓને કારણે છેલ્લા ૨૦ વર્ષમાં ભારતનું વિશ્વભરમાં એક મોકાના સ્થાન તરીકેનું મહત્વ ઘણું વધ્યું છે. ભારત 'પર્ચેસિંગ પાવર પેરિટી' પ્રમાણે દુનિયાનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર અને દુનિયાનું બીજું સૌથી ઝડપથી આગળ વધી રહેલું અર્થતંત્ર છે. જગતજમાદાર અમેરિકા જેવું અમેરિકા પણ હવે ભારતને અવગણી શકતું નથી. વિકસિત દેશો પણ ભારતની બરાબર નોંધ થતા થયા છે. ત્યારે હાલના મૂલ્ય પર દેશની માથાદીઠ આવક ૨૦૧૩-૧૪મા વધીને ૭૪,૯૨૦ રૂપિયા પર જવાની ધારણા છે. તેમજ ભારત ૧૭૦૦ અબજ ડોલરનું અર્થતંત્ર બની ગયું છે. કહેવાય છે કે ૨૦૨૦ની સાલમાં ભારત દુનિયાના તમામ દેશોને પછાડીને વિશ્વનું સૌથી મોટુ અર્થતંત્ર ધરાવતો દેશ હશે. આ તો ૨૦૨૦ના વર્ષની વાત. પરંતુ આપણને ખબર છે દુનિયાના કયા દેશ સૌથી વધુ માથાદીઠ આવક ધરાવે છે

IMF™k World Economic Outlook Database-October ૨૦૧૩ અનુસાર તો જાણો ખોબે ખોબે ભરીને કમાણી કરતાં દેશોની યાદી અંગે કતર દેશ સૌથી વધુ વ્યક્તિ દીઠ આવકના મામલામાં નંબર વન છે. કુદરતી ગેસ અને તેલ ભંડારના મામલામાં દુનિયામાં ત્રીજા નંબર પર હોવા છતાંય અહીંની વ્યક્તિદીઠ આવક દુનિયામાં સૌથી વધુ છે. આ દેશમાં વ્યક્તિ દીઠ આવક ૧૦૦,૮૮૯ ડોલર વાર્ષિક છે. આ દેશના જીડીપીમાં ૮૫ ટકા તેલ અને ગેસ ભંડારનું યોગદાન છે. ભવિષ્યમાં વધુ વિકસિત અને અત્યાધુનિક બનવાની દિશામાં કતર ઝડપથી કામ કરી રહ્યું છે. યુરોપિયન દેશ લક્ઝમબર્ગ એકદમ ખુશખુશાલ દેશ ગણાય છે. અહીંનું ચલણ મજબૂત છે. રોજગાર વધતા અને સમાજીક-સાંસ્કૃતિક વિકાસના દરેક તબક્કે ધ્યાનમાં રાખીને આ નાનકડો દેશ સતત આગળ વધી રહ્યો છે. સ્ટીલ, કેમિકલ અને રબર ઈન્ડસ્ટ્રીના ક્ષેત્રમાં આ ઘણો આગળ છે. લક્ઝમબર્ગના અર્થતંત્રમાં લગભગ એક તૃત્યાંશ યોગદાન આ ઉદ્યોગોનું છે. ૭૭,૯૫૮ ડોલર વ્યક્તિદીઠ આવકની સાથે આ યુરોપિયન દેશોમાં સૌથી આગળ છે.

અમેરિકા આજે વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ કહેવાય છે, પરંતુ છેલ્લાં કેટલાંય વર્ષોથી અહીંનું અર્થતંત્ર લથડી રહ્યું છે. વધતી બેરોજગારી અને આર્થિક મંદીનો સામનો અમેરિકાને કરવો પડી રહ્યો છે, પરંતુ પોતાના ચલણ ડોલરની મજબૂતીના લીધે તેની સદ્ધરતા વધતી રહે છે. પોતાની વિકસિત ટેકનોલોજી, અત્યાધુનિક હથિયાર, મિસાઈલ, લડાકુ વિમાન અને પરમાણુ શક્તિના દમ પર તે દુનિયામાં રાજ કરી રહ્યો છે. અમેરિકામાં વ્યક્તિદીઠ આવક ૫૧,૭૦૪ ડોલર છે. આજે અમેરિકા દુનિયાના વિકાસશીલ અને અલ્પવિકસિત દેશો માટે શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા વગેરે ક્ષેત્રોમાં ભરપૂર મદદ કરી રહ્યું છે.

સ્વિટ્ઝરલેન્ડ કાળાનાણાં માટે સ્વર્ગ સમાન દેશ છે. અહીં વ્યક્તિદીઠ આવક ૪૨,૭૨૪ ડોલર છે. અહીંનું અર્થતંત્ર ઘણું મજબૂત છે. સ્વિટ્ઝરલેન્ડનું કુદરતી સૌંદર્ય દુનિયાભરના પર્યટકોને ખેંચી લાવે છે.સેન મારિનો આજે ટુરિઝમ અને બેન્કિંગના ક્ષેત્રમાં ઘણું આગળ છે. બેન્કિંગના ક્ષેત્રમાં આ સ્વિટ્ઝરલેન્ડની બરાબરી કરી રહ્યું છે. નવા પડકારોનો સામનો કરીને આ દેશ આંતરરાષ્ટ્રીય સ્તર પર પોતાના બેન્કિંગ ઉદ્યોગને વુધુમાં વધુ પારદશી બનાવી રહ્યો છે. તેના લીધે વિદેશી કંપનીઓ અહીં આવવા માટે ઉત્સુક છે. ટુરિસ્ટ અને બેન્કિંગ સેકટરમાં લાગેલા અહીંના લોકોની વાર્ષિક આવક ૪૨,૩૧૭ ડોલર વ્યક્તિદીઠ આવક છે.

કેનેડા દેશ દુનિયાના સૌથી ધનિક દેશોની યાદીમાં નંબર નવ પર છે. આ દેશમાં કુદરતી સંસાધનોનો અખૂટ ભંડાર છે. અહીંના લોકોની માથાદીઠ આવક IMF™k World Economic Outlook Database-October ૨૦૧૩ના આંકડા પ્રમાણે ૪૨,૩૧૭ ડોલર છે.

આપણો દેશ વિશ્વનો સૌથી વધુ યુવાનો ધરાવતો દેશ છે તે આપણે જાણીએ છીએ. દેશમાં ૧૦ થી